સ્પોર્ટ્સ ફિવર
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત



**ટીમમાંથી બહાર થવાથી ધમાકેદાર વાપસી સુધીની અલગ કથા**

# ધીરજ અને હિંમતનો પર્યાય: સંજુ સેમસન



**ટુ ધ પોઇન્ટ**

**સંજુ સેમસનની સફર સંઘર્ષ, દ્રઢતા અને આત્મવિશ્વાસનું ઉદાહરણ છે. ટીમની બહાર હોવા છતાં, તેણે પોતાના આત્મવિશ્વાસને નબળો પડવા ન દીધો અને દ્રઢતાથી કામ લઇને મજબૂત પ્રદર્શન સાથે વાપસી કરી, તેની વાર્તા દર્શાવે છે કે સાચી સફળતાઓ મુશ્કેલીઓ વેઠ્યા પછી જ મળે છે અને જે એમ જ મળી જાય તે સફળતા હોતી નથી**

ક્રિકેટ ફક્ત રન અને રેકોર્ડની રમત નથી; તે ધીરજ, સંઘર્ષ અને આત્મવિશ્વાસની પણ કસોટી છે. સંજુ સેમસનની કથા આ ભાવનાનું ઉદાહરણ આપે છે. T20 વર્લ્ડકપ પહેલા પ્લેઇંગ ઈલેવનમાંથી બહાર થવું અને ન્યુઝીલેન્ડ સામેની T20 સીરિઝમાં તેના ખરાબ પ્રદર્શન માટે ટીકાનો સામનો કરવો એ કોઈપણ ખેલાડીનું મનોબળ તોડી શકે છે, પરંતુ સંજુએ હાર માનવાનો ઈનકાર કર્યો. તેણે શાંતિથી પોતાની રમત પર કામ કર્યું, ધીરજ રાખી અને યોગ્ય તકની રાહ જોઈ. T20 વર્લ્ડકપ દરમિયાન, જ્યારે અન્ય ભારતીય બેટ્સમેન નિષ્ફળ ગયા, ત્યારે સંજુ સેમસનને તક આપવાની માગણીઓ ઉઠી. જ્યારે સંજુને બીજી તક આપવામાં આવી, ત્યારે તેણે ચમકારો તો બતાવ્યો પણ તે ધમાલ ન મચાવી શક્યો, તેને ફરી બહાર કરાયો અને જ્યારે ફરી ટોપ ઓર્ડરની નિષ્ફળતાને કારણે ચર્ચાઓ ઉઠી ત્યારે કેપ્ટન સૂર્યકુમારે પ્રેસ કોન્ફરન્સમાં મજાકના સૂરમાં કહ્યું કે શું સેમસનને હું અભિષેક અને તિલકને સ્થાને રમાડું? જો કે સેમસને તે પછી વેસ્ટઈન્ડિઝ સામે પોતાને મળેલી વધુ એક તકનો એવો ઉપયોગ કર્યો કે તેના ટીકાકારો પણ તાળીઓ પાડવા મજબૂર થયા અને જે કેપ્ટને તેના માટે મજાકના સૂરમાં નિવેદન કર્યું હતું તેણે તેને નમન કરવાનો વારો આવ્યો. સંજૂનું પુનરાગમન ફક્ત રન બનાવવાની કથા નથી, પરંતુ આત્મવિશ્વાસ, ધીરજ અને હિંમતનો વિજય છે. સંજુ સેમસને દર્શાવ્યું કે જો સંકલ્પ મજબૂત હોય, તો દરેક આંચકો આગળ વધવાની ગતિને મજબૂત બનાવે છે.

T20 વર્લ્ડ કપ પહેલા ઈશાન કિશનની વાપસીથી સંજુ માટે મુશ્કેલીઓ ઉભી થઈ. ન્યુઝીલેન્ડ સામેની સીરિઝમાં સંજુની બેટિંગ શાંત રહી. પરિણામે, ટીમ મેનેજમેન્ટે અભિષેકને T20 વર્લ્ડકપમાં ઈશાન સાથે ઓપનિંગ કરવાની જવાબદારી સોંપી. એવું લાગતું હતું કે સંજુ માટે દરવાજા બંધ થઈ ગયા છે. જોકે, કહેવાય છે કે 'ભગવાન કે ઘર દેર હે અંધેર નહીં'. સંજુ સાથે પણ કંઈક આવું જ બન્યું.

સંજુ T20 વર્લ્ડકપની પહેલી મેચમાં બેન્ચ પર હતો. ત્યારબાદ તેને નામિબિયા સામે ગ્રુપ સ્ટેજ મેચમાં રમવાની તક મળી. ત્યાં, તેણે 8 બોલમાં 22 રન બનાવીને પોતાની આક્રમક ક્ષમતા દર્શાવી. આ પછી અભિષેક પાછો ફર્યો, અને સંજુને પ્લેઇંગ ઈલેવનમાંથી ફરી બહાર કરી દેવામાં આવ્યો. જોકે, ટીમ ઈન્ડિયાની બેટિંગ નબળાઈઓ ફરીથી ખુલ્લી પડી ગઈ. દક્ષિણ આફ્રિકા સામેની સુપર 8 મેચમાં ભારતીય ટીમની બેટિંગ ખુલ્લી પડી ગઈ. ટીમ મેનેજમેન્ટે બીજો ફેરફાર કર્યો અને સંજુને ઝિમ્બાબ્વે સામે તક આપી, ઝિમ્બાબ્વે સામે તે 15 બોલમાં ફક્ત 24 રન જ બનાવી શક્યો. તે પછી રિન્કુ સિંહના પિતાનું અવસાન થયું અને ટોપ ઓર્ડરમાં એક સાથે ત્રણ ડાબોડી બેટ્સમેન સંબંધિત સમસ્યાના નિરાકરણ તરીકે સંજૂને વેસ્ટઈન્ડિઝ સામેની કરો યા મરો મેચમાં તક અપાઇ.

જે વેસ્ટ ઈન્ડીઝે 2016 ના T20 વર્લ્ડકપમાં સેમી ફાઈનલમાં ભારતને બહાર ફેંકી દીધું હતું. અને આ વર્લ્ડકપના ગ્રુપ સ્ટેજમાં અજેય રહેલી વેસ્ટઈન્ડિઝ સામે તેને તક મળી. આવી મહત્વપૂર્ણ મેચમાં, સંજુએ પોતાની ક્ષમતા અને અનુભવનું પ્રદર્શન કર્યું અને ભારતને સેમી ફાઈનલમાં પહોંચાડ્યું. ટીમ ઈન્ડિયા સામે 196 રનના લક્ષ્યાંક સાથે, બધી આશાઓ અભિષેક અને ઈશાન પર ટકેલી હતી. જોકે, ભારતે 41 રનમાં આ બંનેની વિકેટ ગુમાવી દીધી. સંજુએ આ તકનો લાભ ઉઠાવીને એક છેડેથી રન બનાવવાના ચાલુ રાખ્યા અને જરૂરી રનરેટને વધવા ન દીધી. સામે છેડેથી તેના પાર્ટનર બદલાતા રહ્યા અને સૂર્યકુમાર યાદવ, પછી તિલક વર્મા, પછી હાર્દિક પંડ્યા અને અંતે શિવમ દુબે સાથે મળીને સંજૂએ ટીમ ઈન્ડિયાને જીત અપાવી. તેણે 50 બોલમાં નોટઆઉટ 97 રન બનાવ્યા, જેમાં 12 ચોગ્ગા અને ચાર છગ્ગા ફટકાર્યા. તેનો સ્ટ્રાઇક રેટ 194નો હતો.

સંજુએ સૂર્યા સાથે 58 રન, તિલક સાથે 42 રન, હાર્દિક સાથે 38 રન અને શિવમ દુબે સાથે 20 રનની અતૂટ ભાગીદારી કરી. સંજુ સિવાય કોઈ પણ બેટ્સમેન 30 રનથી વધુ રન બનાવી શક્યો નહીં. ભારતે 19.2 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને લક્ષ્યાંક કબજે કરી લીધો. આમાંથી 97 રન એકલા સંજુએ બનાવ્યા હતા, જેમાંથી તમે કલ્પના કરી શકો છો કે તેની ઈનિંગ કેટલી પ્રભાવશાળી હતી. સૂર્યકુમાર 18, તિલક વર્મા 27, હાર્દિક પંડ્યાએ 17 રન બનાવ્યા. દુબે આઠ રન બનાવીને નોટઆઉટ રહ્યો.

સેમસને પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ સ્વીકારતા કહ્યું કે 'આ ખરેખર મારા માટે દુનિયાનો અર્થ છે. જે દિવસથી મેં રમવાનું શરૂ કર્યું અને મારા દેશ માટે રમવાનું સ્વપ્ન જોયું, મને લાગે છે કે હું આ દિવસની રાહ જોઈ રહ્યો છું. હું અતિ આભારી છું, મારી સફર તેના ઉતાર-ચઢાવ સાથે હંમેશા ખાસ રહી છે, એવા સમયે હતા જ્યારે હું મારી જાત પર શંકા કરતો હતો, વિચારતો હતો કે, 'શું હું તે કરી શકીશ? શું હું ખરેખર તે કરી શકીશ?' પરંતુ મેં વિશ્વાસ જાળવી રાખ્યો. હું આજે ભગવાનનો આભાર માનું છું, મને આ દિવસ બતાવવા બદલ. હું અતિ ખુશ છું."

સેમસને કહ્યું કે 'હું લાંબા સમયથી આ ફોર્મેટ રમી રહ્યો છું. હું લગભગ 10-12 વર્ષથી IPL રમી રહ્યો છું અને છેલ્લા 10 વર્ષથી દેશ સાથે જોડાયેલો છું. ભલે મને દરેક મેચ રમવાનો મોકો ન મળ્યો, પણ મેં ડગઆઉટમાં બેસીને ઘણું શીખ્યું. મેં વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા મહાન ખેલાડીઓને નજીકથી જોયા છે. તેઓ મેચ કેવી રીતે પૂર્ણ કરે છે અને પરિસ્થિતિઓમાં પોતાની રમતને કેવી રીતે અનુકૂલિત કરે છે તે જોવું, સમજવું અને શીખવું મહત્વપૂર્ણ છે', તેણે કહ્યું કે મેં 50-60 મેચ રમી હશે, પરંતુ મેં લગભગ 100 મેચ નજીકથી જોઈ છે. આ અનુભવથી મને ઘણી મદદ મળી છે. છેલ્લી મેચમાં, અમે પહેલા બેટિંગ કરી રહ્યા હતા, તેથી લક્ષ્ય મોટો સ્કોર બનાવવાનું હતું, તેથી મેં પહેલા બોલથી જ મોટો સ્કોર કરવાની યોજના બનાવી. પરંતુ આજની મેચ અલગ હતી. જેમ જેમ મેં ઝડપી રમવાનો પ્રયાસ કર્યો, વિકેટો પડી જતી. પછી મેં ભાગીદારી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું અને મારી પ્રક્રિયાને કાબૂમાં રાખી. મેં ક્યારેય વિચાર્યું ન હતું કે હું કંઈ ખાસ હાંસલ કરીશ; મેં ફક્ત મારી ભૂમિકા ભજવવાનો અને દરેક બોલ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કર્યો'.



# બ્રાયન બેનેટ: ઝિમ્બાબ્વે વતી ઝળકેલો ખેડૂતનો દીકરો

**સ્પેશિયલ કોમેન્ટ**

જ્યારે ઝિમ્બાબ્વે ક્રિકેટ તેના સૌથી મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે દેશ એક નવા ચહેરા, નવી આશાની શોધમાં હતો. મોટા નામો ગયા હતા, સપના ચકનાચૂર થઈ ગયા હતા અને આત્મવિશ્વાસ ડગમગી રહ્યો હતો. આવા સમયે, હરારેના એક સામાન્ય ઘરમાંથી નીકળતો બેટ અને બોલનો અવાજ હવે વિશ્વ મંચ પર ગુંજી રહ્યો છે. આજે, 22 વર્ષીય બ્રાયન બેનેટ ઝિમ્બાબ્વેના નવા પ્રભાતનું પ્રતીક બની ગયો છે. તે ઝિમ્બાબ્વે ક્રિકેટના ચકનાચૂર થયેલા સપનાઓ વચ્ચે આશાના કિરણ તરીકે ઉભરી આવ્યો છે. તે ન તો કોઈ એકેડેમીમાંથી બહાર આવ્યો હતો કે ન તો કોઈ મોટા વચનો માટે જાણીતો હતો, પરંતુ પાછળના આંગણામાં એક નાના નેટ પર પ્રેક્ટિસ કરીને વિશ્વ મંચ પર પહોંચ્યો હતો. તે અને તેનો ભાઈ તે નેટમાં કલાકો સુધી ક્રિકેટ રમતા હતા, કલ્પના પણ નહોતી કરી કે એક દિવસ તેઓ દેશની નવી આશા બનશે. બ્રાયન બેનેટને ક્યારેય એવા બાળકોમાંનો એક માનવામાં આવતો ન હતો જેઓ ટીવી સામે બેસીને કવર ડ્રાઇવ ગણતા હતા. તે એવા લોકોમાંનો એક નહોતો જેમણે પોતાની દિવાલો પર ક્રિકેટરોના પોસ્ટર લગાવ્યા હતા, કે બાળપણમાં તેણે કોઈ મોટી ઘોષણા કરી ન હતી. હંબનટોટામાં એક તાલીમ શિબિર દરમિયાન, બેનેટે કહ્યું, હું બાળપણમાં ક્રિકેટને બહુ ફોલો કરતો નહોતો. હું સ્કૂલમાં મારા ભાઈઓ અને પપ્પા સાથે રમતો હતો. અંડર-19 સ્તરની આસપાસ મેં ઝિમ્બાબ્વે ક્રિકેટને ગંભીરતાથી ફોલો કરવાનું શરૂ કર્યું ન હતું. તેના પિતા, જે બ્લુબેરી ખેડૂત હતા, તેમણે પોતે ક્લબ ક્રિકેટ રમ્યું હતું અને યંગ મેશોનાલેન્ડ માટે કેટલીક ફર્સ્ટ-ક્લાસ મેચ પણ રમી હતી. બ્રાયન સમજાવે છે, મારો એક જોડિયા ભાઈ છે. પપ્પાએ અમારા માટે ઘરે નેટ ગોઠવ્યું હતું. શાળા પછી અને રજાઓ દરમિયાન, અમે કલાકો સુધી રમતા, એક બેટિંગ કરતો, બીજો બોલિંગ કરતો. આજે, તે જ 22 વર્ષીય બ્રાયન બેનેટ ઝિમ્બાબ્વે ક્રિકેટનો નવો ચહેરો બની ગયો છે.

ક્રિકેટ ઉપરાંત, બેનેટ હોકી, સ્ક્વોશ અને રગ્બી પણ રમતો હતો. શાળામાં બે રમતો ફરજિયાત હતી: ઉનાળામાં ક્રિકેટ અને શિયાળામાં હોકી. આ અનુભવોએ તેની ફિટનેસ અને માનસિક શક્તિનો પાયો બનાવ્યો. 2022નો અંડર-19 વર્લ્ડકપ તેની કારકિર્દીમાં ભાવનાત્મક વળાંક હતો. તે કહે છે, મારી સૌથી મોટી યાદો પાકિસ્તાન સામે 83 રન અને વેસ્ટ ઈન્ડિઝ સામે મારા જોડિયા ભાઈ સાથે 100 રનની ભાગીદારી છે. ડિસેમ્બર 2023માં T20Iમાં ડેબ્યૂ કર્યા પછી, તેણે આગામી 12 મહિનામાં ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારી. આ સિદ્ધિ સાથે, તે બ્રેન્ડન ટેલર અને સિકંદર રઝા પછી આવું કરનાર ઝિમ્બાબ્વેનો ત્રીજો ખેલાડી બન્યો.

ટ્રેન્ટ બ્રિજ ખાતે ઈંગ્લેન્ડ સામેની તેની 139 રનની ઈનિંગે તેને ચર્ચામાં લાવ્યો. બે દાયકા પછી ટ્રેન્ટ બ્રિજ ખાતે ઝિમ્બાબ્વેનો ટેસ્ટ ડેબ્યૂ ઐતિહાસિક હતો. 2007માં ટી૨૦ વર્લ્ડકપ શરૂ થયો ત્યારથી, ક્યારેય એવું બન્યું નથી કે કાગળ પર નબળી દેખાતી ટીમનો કોઈ બેટ્સમેન ટુર્નામેન્ટના ટોચના પાંચ સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓમાં સ્થાન મેળવ્યું હોય. પરંતુ બ્રાયન બેનેટે તે કરી બતાવ્યું છે. તે ટુર્નામેન્ટની આ આવૃત્તિમાં બીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે, તેણે પાંચ ઈનિંગ્સમાં 277 ની સરેરાશથી 277 રન બનાવ્યા છે, જેમાં ત્રણ અડધી સદી અને 135.78 ના સ્ટ્રાઇક રેટનો સમાવેશ થાય છે. આ દરમિયાન, તેણે 31 ચોગ્ગા અને છ છગ્ગા ફટકાર્યા. આ બધા છગ્ગા ગુરુવારે ભારત સામેની તેની ઈનિંગ દરમિયાન લાગ્યા હતા. ભારત સામે, તેણે 59 બોલમાં આઠ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી અણનમ 97 રન બનાવ્યા હતા અને તેનો સ્ટ્રાઇક રેટ 164.41 હતો.

**2026નો T20 વર્લ્ડકપ ઝિમ્બાબ્વે માટે એક નવા યુગની શરૂઆત દર્શાવે છે. છેલ્લા બે વન ડે વર્લ્ડકપ અને 2024ના T20 વર્લ્ડકપ માટે ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહ્યા બાદ, ટીમ હવે વાપસી કરવા માંગે છે. તેમના વતી ઝળકેલો બ્રાયન બેનેટનું ધ્યેય સ્પષ્ટ છે, તે કહે છે કે હું ઝિમ્બાબ્વેને ફરીથી સ્પર્ધાત્મક બનાવવા માંગુ છું. હું મોટી ટીમોને પડકાર આપવા માંગુ છું અને દરેક વર્લ્ડકપમાં રમવા માંગુ છું**



# જમ્મુ-કાશ્મીર ક્રિકેટ ટીમની સફળતા પાછળનો મંત્ર: આત્મવિશ્વાસ

**રણજી ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન કરીને ચેમ્પિયન બનેલા જમ્મુ અને કાશ્મીરના ખેલાડીઓ, કેપ્ટન, કોચિંગ સ્ટાફ અથવા પસંદગીકારોને જ્યારે તેમની સફળતાનું રહસ્ય પૂછવામાં આવે છે, ત્યારે તેમના મુખે ફક્ત એક જ શબ્દ આવે છે, 'આત્મવિશ્વાસ'**

**સ્પેશિયલ રિપોર્ટ**

જમ્મુ-કાશ્મીરે પહેલીવાર રણજી ટ્રોફી ટાઇલ જીત્યું અને તેમની આ જીત પાછળ જો કોઈએ સૌથી મોટી ભૂમિકા ભજવી હોય તો તે છે તેમનો આત્મવિશ્વાસ. આ વિશ્વાસ જ જમ્મુ અને કાશ્મીરને પહેલી વાર રણજી ટ્રોફી જીતાડી છે. જમ્મુ અને કાશ્મીરની ટીમ પહેલીવાર રણજી ટ્રોફીની ફાઈનલમાં પહોંચી અને તે જીતી પણ છે. 2019-20 સીઝનમાં છ વર્ષમાં તેમનો ચોથો રણજી ટ્રોફી નોકઆઉટ દેખાવ હતો, અને આ વખતે તેઓ એક ડગલું આગળ વધીને ક્વાર્ટર ફાઈનલમાં મધ્યપ્રદેશ અને સેમિફાઈનલમાં બંગાળને હરાવીને ફાઈનલમાં પહોંચ્યા હતા અને ફાઈનલમાં કર્ણાટક સામે રનનો ડુંગર ખડકીને તેઓ ટાઇટલ જીત્યા.

2019-20 પહેલા, તેઓ છેલ્લા 60 વર્ષમાં ફક્ત એક જ વાર, 2013-14 સીઝન દરમિયાન રણજી ટ્રોફીના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા હતા. 1959-60થી રણજી ટ્રોફીમાં રમી રહેલી આ ટીમને 1982-83 સીઝનમાં સર્વિસિસને ચાર વિકેટથી હરાવીને પોતાની પહેલી મેચ જીતવામાં લગભગ ૨૩ વર્ષ લાગ્યા હતા. જમ્મુ અને કાશ્મીરના મુખ્ય કોચ અજય શર્માએ કહ્યું કે અમારું માનવું છે કે અમે અમારા દિવસે કંઈ પણ કરી શકીએ છીએ. છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં, એવી કોઈ ટીમ નથી જેને અમે કોઈને કોઈ ફોર્મેટમાં હરાવી ન હોય. આ છોકરાઓ પહેલાથી જ પ્રતિભાશાળી હતા, તેમને ફક્ત થોડી દિશાની જરૂર હતી. આ યુદ્ધગ્રસ્ત રાજ્ય, જ્યાં ફક્ત બે ક્રિકેટ મેદાન છે, ત્યાં હંમેશા ક્રિકેટ પ્રતિભા હોવાનું કહેવાય છે, પરંતુ માળખાગત સુવિધાઓ અને યોગ્ય કોચિંગનો અભાવ તેમને ખીલતા અટકાવે છે અને અકાળ મૃત્યુ તરફ દોરી જાય છે. પરંતુ છેલ્લા ચાર-પાંચ વર્ષમાં એવું શું બદલાયું છે જેના કારણે તેમના સતત પ્રદર્શનમાં વધારો થયો છે? એ નોંધનીય છે કે રણજી ટ્રોફી ઉપરાંત, ટીમ 2022-23 વિજય હજારે ટ્રોફીના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી હતી, જ્યારે ગયા વર્ષે, સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં તેમની સાત ગ્રુપ મેચમાંથી પાંચ જીતવા છતાં, તેઓ નેટ રન રેટમાં પાછળ રહેવાને કારણે નોકઆઉટ સ્થાન મેળવવાથી ચૂકી ગયા હતા.

છેલ્લા પાંચ વર્ષથી રાજ્યના ક્રિકેટમાં વિવિધ હોદ્દાઓ પર કાર્યરત અને હવે ટીમના મુખ્ય પસંદગીકાર સરબજીત સિંહ કહે છે કે અમારા માટે સૌથી મોટો માસ્ટરસ્ટ્રોક BCCI દ્વારા ક્રિકેટ ઓપરેશન્સ સબ-કમિટીની નિમણૂક હતી. વર્તમાન BCCI પ્રમુખ મિથુન મનહાસની આગેવાની હેઠળની આ સમિતિએ રાજ્યના ક્રિકેટના વિકાસમાં ઉત્તમ કામ કર્યું છે. રાતોરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર બદલી શકાતું નથી, પરંતુ ખેલાડીઓને હવે જરૂરી સુવિધાઓ, પ્રેક્ટિસ અને વોર્મ-અપ મેચ મળી રહી છે. હવે અમે સીઝન પહેલા જેપી અત્રે, બુચી બાબુ, કેએસસીએ ઈન્વિટેશનલ જેવી ટુર્નામેન્ટ રમીએ છીએ. આ ઉપરાંત, અમે દિલ્હી આવીએ છીએ અને રેલ્વે રણજી ટીમ અથવા અન્ય કોઈ મોટા ક્લબ સામે મેચ રમીએ છીએ. આનાથી ખેલાડીઓને તેમના રાજ્યની બહાર વાતાવરણ અને એક્સપોઝર મળે છે અને તેઓ સીઝન માટે તૈયાર થાય છે. આવા પ્રવાસો પર ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફ માટે રહેવા, ભોજન, પરિવહન અને મેચ ફીની સુવિધાઓમાં પણ સુધારો થયો છે. શર્મા આ સફળતાનું શ્રેય મનહાસ અને તેમની ક્રિકેટ એડમિનિસ્ટ્રેટર કમિટીના કાર્યને તેમજ કોચિંગ સ્ટાફને લાંબા કાર્યકાળ આપવાના નિર્ણયને આપે છે. શર્મા છેલ્લા ચાર સીઝનથી ટીમના મુખ્ય કોચ છે, જ્યારે બોલિંગ કોચ પી. કૃષ્ણ કુમાર ત્રણ સીઝનથી ટીમના ઝડપી બોલરોનું સન્માન કરી રહ્યા છે. દિશાંક યાજ્ઞિક છેલ્લા બે વર્ષથી ટીમના ફિલ્ડિંગ અને સહાયક કોચ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.